## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ભાભી, બેબીને ફર્સ્ટ ક્લાસ આવ્યો છે... તેના માનમાં ગરબા રાખેલ છે. દાંઠીયા લઈને કાલે આવી જજો.**

## નિવૃત્ત સરકારી અધિકારી મંડળ દ્વારા ૨ ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવા માંગ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૭-ડી ખાતેના નિવૃત્ત સરકારી અધિકારી મંડળ દ્વારા પેન્શનર્સ માટે ૨ ટકા મોંઘવારી ભથ્થુ જે જાન્યુઆરીથી મળવાપાત્ર છે તે ચુકવવા રાજ્યના નાયબ મુખ્યમંત્રી તથા નાણાંમંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ ધા નાંખી છે. કેન્દ્ર સરકાર દ્વારા મોંઘવારી (રાહતો) ભથ્થુ ચુકવવાની જાહેરાતને બે માસ થવા છતાં હજુ સુધી રાજ્ય સરકારે આ અંગે કોઈ નિર્ણય લીધો ના હોવાથી મંડળ દ્વારા નાણાંમંત્રીને પત્ર લખી રજુઆત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા માર્ચ માસમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ તથા પેન્શનર્સ માટે તા. ૧લી જાન્યુઆરીથી ૨ ટકા મોંઘવારી (રાહત) ભથ્થુ મળવાપાત્ર જાહેર કરવામાં આવ્યું હતું. આ અંગે ગુજરાત સરકાર દ્વારા નીતિવિષયક નિર્ણય લઈ કેન્દ્રના પગાર પંચ મુજબ રાજ્ય સરકારના કર્મચારીઓ તથા પેન્શનર્સને આ લાભો ચુકવવાનો સ્વીકાર કર્યો હોવાનો ઉલ્લેખ કરતા મંડળ વતી પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટ દ્વારા નાયબ મુખ્યમંત્રીને નિર્ણય લેવા માંગ કરી છે.

### જિલ્લાના અસામાજીક તત્વોની હવે ખેર નથી...

# દહેગામના ત્રણ બુટલેગરોને પાસા હેઠળ ધકેલી દેવાયા

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પાસા અટકાયત વોરંટ ઈસ્યુ કરાયા એલસીબીની ત્રણ ટીમોએ એક જ રાતમાં ગુપ્ત ઓપરેશન પાર પાડી ત્રણેય બુટલેગરોની અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ મોકલી દેવાયા

ગાંધીનગર, તા.૧૦

જિલ્લાના દહેગામ ખાતેથી ગત વર્ષે વિદેશી દારૂ સહિત કુલ રૂ. ૨૯.૪૨ લાખના મુદ્દામાલ સાથે ત્રણ બુટલેગરો પકડાયા હતા. આ ત્રણેય બુટલેગરોને પાસા હેઠળ ધકેલવા લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલી હતી. પાસા અટકાયતી વોરંટ ઈસ્યુની લીલી ઝંડી મળતા જ એલસીબીની ત્રણ ટીમોએ એક જ રાતમાં ત્રણેય બુટેલગરોને અલગ અલગ સ્થળોએથી શોધી કાઢી ગુપ્ત ઓપરેશન પાર પાડયું હતું અને ત્રણેયની અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ મોકલી પાસા હેઠળ ધકેલી દેવાયા છે.

જિલ્લામાં એન્ટી સોશ્યલ એકટીવીટીઝ કરતા તત્વોની સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીત તથા તેમની ટીમે આવા કેટલાક તત્વોની યાદી બનાવી પાસા દરખાસ્ત કરી છે. વર્ષ ૨૦૧૭માં દહેગામમાં રૂ. ૨૯.૪૨ લાખના મુદ્દામાલ સાથે ત્રણ બુટલેગરો પકડાયા હતા તે ત્રણેય નરોડાના ભાવેશ વસંત રાઠોડ, દહેગામના



અમરાબાઈના મુવાડામાં રહેતા મુકેશ વખત ચૌહાણ અને ગુણવંત રસીક બારોટની પાસા દરખાસ્ત મેજીસ્ટ્રેટ તરફ મોકલવામાં આવી હતી. આ દરખાસ્તને ધ્યાને લઈ જિલ્લા મેજીસ્ટ્રેટે આ ત્રણેય બુટલેગરોનું પાસા અટકાયતી વોરંટ ઈસ્યુ કરતા વોરંટની અગત્યાને ધ્યાને લઈ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટે ત્રણ અલગ અલગ ટીમો બનાવી ત્રણેયને પકડી પાડવા માર્ગદર્શન આપ્યું હતું. ત્રણેય ટીમોએ બાતમીદારોથી માહિતી મેળવી એક સાથે એક જ રાતમાં અલગ અલગ વિસ્તારમાં ગુપ્ત ઓપરેશન કરી ત્રણેય બુટલેગરોને દબોચી લઈ અટકાયત કરીને વડોદરા મધ્યસ્થ જેલ પાસા હેઠળ ધકેલી દીધા છે.

## ચિલોડા પોલીસે રિક્ષામાં થતી વિદેશી દારૂની હેરાફેરી પકડી

### ચિલોડા સર્કલથી ૨૪ બોટલ દારૂ સાથે નરોડાનો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૦

ચિલોડા પોલીસે ગઈ રાત્રે ચોકકસ બાતમી આધારે ચિલોડા સર્કલ પાસ વોચ ગોઠવીને હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જતી રીક્ષાને પકડી પાડી હતી. જેમાં વિદેશી દારૂની બોટલોની હેરાફેરી કરવામાં આવી રહી હતી. ચિલોડા પોલીસે રૂ. ૬૦,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને નરોડાના શખ્સની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

ચિલોડા પોલીસ ઈન્સ્પેકટર એલ.ડી. વાઘેલાની ટીમને ગઈ રાત્રે બાતમી મળી હતી કે રીક્ષામાં વિદેશી દારૂનો જથ્થો ભરીને હિંમતનગર તરફથી અમદાવાદ જઈ રહી છે જે અનુસંધાને ચિલોડા સર્કલ પર રાત્રે વોચ ગોઠવી દીધી હતી. બાતમી વાળી જીજે ૦૧ ટીબી ૫૮૫૮ નંબરની રીક્ષા પસાર થતા ચિલોડા સર્કલ પાસે વોચમાં ઉભેલી પોલીસે તેને રોકવા પ્રયત્ન કર્યો પરંતુ રીક્ષા ડ્રાઈવરે પોલીસને જોઈને રીક્ષા ભગાડી મુકી હતી. પોલીસે તેનો પીછો કરીને આગળથી રીક્ષા આંતરી લીધી હતી. રીક્ષામાં તપાસ કરતા અંદરથી રૂ. ૭૨૦૦ની કિંમતની ૨૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ, મોબાઈલ અને રિક્ષા મળી કુલ રૂ. ૬૦,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી રીક્ષા ડ્રાઈવર યોગેશ બાબુ સોલંકી (રહે. નરોડા)ની ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા શ્રી શ્રી રવિશંકરજીના જન્મદિનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૦

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા તા.૧૩ મે ૨૦૧૮ને રવિવારના રોજ શ્રી શ્રી રવિશંકરજીના જન્મદિન નિમિતે જે સાધકોએ અગાઉ બેઝીક યસ પ્લસ અથવા હેપીનેસ પ્રોગ્રામ કરેલો હોવાથી ફકત તેમના માટે સવારે ૭ કલાકે સુદર્શન ક્રિયા બલરામ ભવન કલેકટર કચેરી સામે સે-૧૨ ખાતે રાખવામાં આવેલ છે. તેમજ સાંજે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન નારાયણ સેવા અને સાંજે ૮.૩૦ થી ૧૦.૩૦` કલાક દરમિયાન શહેરના નગરજનો માટે સત્સંગ બલરામ ભવન કલેકટર કચેરી સામે સેકટર-૧૨ ખાતે યોજાશે. જેમાં ગાન, જ્ઞાન અને ધ્યાન દ્વારા અલૌકિક અનુભુતિ અર્થે ગાંધીનગરની ધર્મપ્રેમી નગરજનોને ઉપસ્થિત રહી સહભાગી અને લાભાન્વિત થવા આર્ટ ઓફ લીવીંગ પરિવાર ગાંધીનગર દ્વારા અનુરોધ કરાયો છે.



### દહેગામ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા છાશ વિતરણ કરાઈ

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દહેગામ શહેર દ્વારા મામલતદાર કચેરી ખાતે સેવા સંકલ્પ વ્રત હેઠળ દહેગામના નાગરીકો માટે છાશ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં દહેગામવાસીઓને હજ્જારો લીટર છાશ વિના મુલ્યે પીવડાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા ભાજપ યુવા મોરચાના પ્રભારી ધવલભાઈ દવે, યુવા મોરચાના પ્રમુખ વિરેન્દ્રસિંહ વાઘેલા, પ્રદેશ કારોબારી સદસ્ય કિંજનભાઈ પટેલ તથા પ્રદેશ આમંત્રિત રાકેશ દેસાઈ, દહેગામ શહેર પ્રમુખ ગોપાલભાઈ બારોટ તેમજ એપીએમસી ચેરમેન સુમેરુભાઈ અમીન, દહેગામ નગર પાલિકા પ્રમુખ સરલાબેન અમીન સહિતના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ

## ચિલોડા સ્વીકાર કેન્દ્ર ખાતે ધો. ૧માં ખાનગી પ્રાથમિક શાળામાં પ્રવેશ માટે ૨૦૫ બાળકોએ ફોર્મ ભર્યા

ચિલોડા, તા. ૧૦

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા મુજબ વિનામુલ્યે ધો. ૧માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવો ફરજીયાત છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ કાયદાનો અમલ થાય તે માટે ખાસ પગલા ભરી રહી છે. તેને લઈને જે બાળકો તા. ૬ જૂન ૨૦૧૮ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કર્યા હોય તે બાળક માટે આ યોજના હેઠળ પ્રવેશને પાત્ર છે. આ યોજના હેઠળ અનાથ, સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળા બાળગૃહના મંદબુદ્ધિના, ખાસ જરૂરિયાતવાળા, શારીરિક વિકલાંગ એચઆઈવી અસરગ્રસ્ત શહીદ થયેલા જવાનોના બાળકો, ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરીના બીપીએલ કુટુંબના બાળકો, ગ્રામ્ય વિસ્તારમાં જે પરિવારની ૧.૨૦ લાખ, શહેરી વિસ્તારમાં ૧.૧૫૦ લાખ રૂપિયા વાર્ષિક આવક ધરાવતા અનુસુચિત જાતિ, જનજાતિ કેટેગરીના બાળકો, સામાજિક, શૈક્ષણિક રીતે પછાત, વિચરતી વિમુખતી જાતીના બાળકો જનરલ કેટેગરીના બાળકો માટે અગ્રતા આવકની મર્યાદા તથા વાલીએ પસંદ કરેલી શાળાની અગ્રતા ક્રમાનુસાર ધ્યાનમાં લઈને પ્રવેશ આપવામાં આવનાર છે. ત્યારે ચિલોડા રાઈટ ટુ એજ્યુકેશન-૨૦૦૯ હેઠળ સ્વીકાર કેન્દ્રમાં તા. ૯ મે ના છેલ્લા દિવસ સુધીમાં ચિલોડા આજુબાજુના ગામોમાંથી ૨૦૫ બાળકોએ જરૂરી પુરાવા સાથે ફોર્મ ભર્યા હતા.



ગાંધીનગર શહેરની સલામતી અને સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા નગરના મુખ્ય માર્ગો અને આંતરીક માર્ગો પર સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. ત્યારે સમયાંતરે આ કેમેરાની પણ સાફ સફાઈ અને જાળવણી જરુરી બની જાય છે. જેને અનુલક્ષીને આજે શહેરના મુખ્ય મથક સમાન ઘ-૫ વિસ્તારના સીસીટીવી કેમેરાની સાફ સફાઈ અને મરામત ચાલી રહી હતી. તે પ્રસંગની તસવીર...

## પરિણામથી નાસીપાસ યુવાનોને પ્રોત્સાહિત કરતી શોર્ટ ફિલ્મ એટલે "અ સકસેસ ઓફ ફેલ્યોર"

### ગાંધીનગરના યુવાનો દ્વારા બનાવાયેલી શોર્ટ ફિલ્મને યુ-ટ્યુબ પર પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૧૦

બોર્ડની પરીક્ષાઓના પરિણામની મોસમ ચાલી રહી છે અને મા-બાપની અપેક્ષાઓ સામે અભ્યાસમાં દરેક બાળક ધાર્યુ પરિણામ મેળવી શકતો નથી પરંતુ કેટલાંક મા-બાપ બાળક પર પોતાની અંધળી




અપેક્ષાઓનો બોજ એટલો લાદે છે કે બાળક જરાક જેટલી નિષ્ફળતામાં પોતાની મહામુલી જીંદગીનો અંત આણવા તૈયાર થઈ જાય છે. દર વર્ષે બોર્ડની પરિક્ષાના પરિણામ સમયે વ્યથિત યુવાનો આપઘાત કરે તેવા કિસ્સા સર્જાય છે. એક તરફ બાળકની ક્ષમતા અને બીજી તરફ સ્પર્ધાત્મક યુગમાં વાલીઓની અપેક્ષા વચ્ચે સર્જાતી અસમતુલા બાળકોને જીવનનો અંત આણવા તરફ પ્રેરી જાય છે. ઘણીવાર મા-બાપની અપેક્ષા બાળકની ક્ષમતા કરતાં વધી જાય છે તો ક્યારેક બાળકના પસંદગીના વિષય કરતાં ભિન્ન પડે છે. આ પરિસ્થિતિમાં જો મા-બાપ તેમની મમત ના છોડે અથવા બાળક તેના આત્મવિશ્વાસથી ડગી જાય ત્યારે નાસીપાસ થાય છે અને આત્મહત્યા કરવા પ્રેરાય છે. આવા બાળકોને પ્રોત્સાહિત કરી હિંમતથી નિષ્ફળતાનો સામનો કરવા તેમજ મા-બાપને પણ એક પરીક્ષાના પરિણામ કરતાં તેમનું બાળક વધુ મહત્વનું છે, જો તેનામાં આત્મવિશ્વાસ બચશે તો જીવનમાં સફળતા મેળવશે જ તે હકીકત સમજાવવાના પ્રયાસરૂપે ગાંધીનગરના યુવા કલાકાર રાજન ત્રિવેદી દ્વારા "યોર-વે પ્રોડકશન" અંતર્ગત શોર્ટ ફિલ્મ 'અ સકસેસ ઓફ ફેલ્યોર'નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ આજે યુ-ટ્યુબ પર રીલીઝ થઈ હતી જેને ખુબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો છે અને ફિલ્મ પ્રેક્ષકોની પ્રસંશાને પામી રહી છે.

'અ સકસેસ ઓફ ફેલ્યોર'નું દિગ્દર્શન યુવા દિગ્દર્શક સાબિર મલેકે કર્યું છે અને ફિલ્મના નિર્માતા રાજન ત્રિવેદી છે. ફિલ્મમાં ગાંધીનગરના યુવા કલાકારો રાજન ત્રિવેદી, સાબિર મલેક અને સમીર રામીએ ભૂમિકા ભજવી છે. ફિલ્મની કથા એક યુવાનની છે જેના પિતા તેની પાસેથી સારા પરિણામની અપેક્ષા રાખી રહ્યા હોય છે પરંતુ યુવાન નાપાસ થતાં તેને ઠપકો આપે છે. આ ઠપકાને પગલે નાસીપાસ થયેલ યુવાન આત્મહત્યા કરવા પ્રેરાય છે ત્યારે તેને એક વ્યકિત પોતાની સત્ય કહાની કહીને પ્રોત્સાહિત કરે છે પછી તે યુવાન સફળતા તરફ આગળ વધે છે. પાંચ મિનિટની લંબાઈ ધરાવતી આ



ફિલ્મને ગાંધીનગરના યુવા દર્શકોમાં ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. ફિલ્મ થકી દરેક વાલીને સાચી વાત સમજાય અને પોતાના બાળકને અપેક્ષાઓનો બોજ નહી પરંતુ પ્રેમ તથા હુંફ આપે તેમજ યુવાનોને પણ નિષ્ફળતાથી ડગવાને બદલે તેનો સામનો કરી જીવનમાં આગળ વધે તેવો સંદેશ પાઠવે છે. આ ફિલ્મને યુ-ટ્યુબ પર નિહાળવા https:youtu.be/90KyxcaEhQ8 લિન્કનો ઉપયોગ કરી શકાય છે અથવા યુટયુબ પર 'અ સકસેસ ઓફ ફેલ્યોર' શોર્ટ ફિલ્મ ટાઈપ કરવાથી પણ જોઈ શકાશે.

## ધોરણ-૬, ૭, ૮ના વિદ્યાર્થીઓ માટે ભાર વિનાના ભણતરનો અભિનવ પ્રયોગ

### માત્ર વાર્ષિક ૬૭૦૦૦ ફી અને સુવિધાઓની ભરમાર : ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની આઈઆઈટીઈ દ્વારા સેક્ટર-૧૫ના તેમના કેમ્પસમાં એક્સપરિમેંટલ સ્કૂલ, સાંદિપની સ્કૂલ ઓફ એકસલન્સ શરૂ કરવામાં આવતા ગાંધીનગરના વાલીઓ અને શિક્ષણ જગતમાં આનંદની લાગણી ફેલાઈ છે. સામાન્યતઃ વિશ્વની પ્રસિદ્ધિ બી.એડ. કોલેજ/યુનિવર્સિટીઓમાં તેની સાથે સંલગ્ન એક્સપરિમેંટલ સ્કૂલના નામથી શાળાઓ હોય છે. આ શાળાઓના બાળકો ઉપર બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો એટલો બધો પ્રેમ અને ધ્યાન હોય છે કે બાળકના સામાન્ય પ્રશ્નો સુદ્ધાની ચિંતા કરતા આ સ્કૂલોના બાળકો જીવનની દોડમાં બાકી બધા કરતા આગળ નીકળી જાય છે તેવુ અમેરિકાનુ એક રીસર્ચ કહે છે. ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી આઈઆઈટીઈ દ્વારા તેના કેમ્પસમાં જ આવી એક પ્રાયોગિક શાળા આ વર્ષથી શરૂ થઈ છે. આ સ્કૂલના વિદ્યાર્થીઓને ટીચર યુનિવર્સિટી જે કે હવે તેના સુધારા માટે રાષ્ટ્રીય કક્ષાએ જાણીતી થઈ છે તે યુનિવર્સિટીની બધી જ સુવિધાઓ ઉપયોગ કરવા મળશે.

આ અવસરે વાત કરતા સેક્ટર-૧૫માં રહેતા ગવર્નમેન્ટ પોલીટેકનીકના નિર્મલ પંડ્યાએ આનંદની લાગણી વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે ઘોડે સવારી જેવી પ્રાચીન વિદ્યા સાથે ટ્રેકીંગ, માઉંટેનીયરીંગ, કોમ્પ્યુટર, કોમ્યુનીકેશન, ક્રીએટીવીટી, પ્રોબ્લેમ સોલ્વીંગ જેવી આધુનિક અને હાલ માંગમાં હોય તેવી સ્કીલ શીખવવામાં આવશે. ગાંધીનગરમાં વરદાન સમાન આ સ્કૂલ માટે આનંદ વ્યક્ત કરતા નિર્મલ પંડ્યાએ પોતાનુ બાળક આવતીકાલે જ સાંદીપની સ્કૂલમાં દાખલ કરાવવાનો નિર્ણય કર્યો છે. આ અવસરે વાત કરતાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. શશીરંજન યાદવે જણાવ્યું હતું કે આજથી ૪ વર્ષ પહેલાના અમારા વિદ્યાર્થીઓને ૪ વર્ષમાં ખુબ જ ઉત્તમ કક્ષાની ટ્રેનીંગ આપીને જે વિદ્યાર્થીઓ માટે તેઓ નોકરીને લાયક નથી એવુ કહેવાતુ તેમને કૌશલ્યમાં પાવરધો કરીને આજે ઈન્ટરનેશનલ પ્લેસમેંટ મારફતે ગલ્ફ દેશોમાં વિશ્વગુરૂની પરંપરાના ભાગ રૂપે મોકલી છે. ડીન બી.એસ. પટેલે આ અવસરે જણાવ્યુ હતું કે આવતા વર્ષે ૯, ૧૦ અને ૧૧, ૧૨ની પરમિશન લેવામાં આવશે. ઉપરાંત કેમ્પસમાં સ્કૂલ માટે જુદી બિલ્ડીંગ બાંધવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. ઈંટરનેશનલ પ્લેસ્મેંટ ઓફીસર વિઠ્ઠલ પટેલે વાતચીત કરતા જણાવ્યું હતું કે ૬ ધોરણથી ભણતા વિદ્યાર્થીઓને ધીમે ધીમે સ્કૂલ તરફથી ઘણી બધી કૌશલ્ય વિદ્યાઓ શીખવાડશે. જેનાથી તેઓ એક ઉમદા નાગરિક ઉપરાંત અનેકોનેક કૌશલ્ય ધરાવતા યુવાન તરીકે બહાર નીકળશે અને દુનિયાના જોબ માર્કેટમાં અગ્રેસર રહેશે.



ક્રેડીટ કેમ્પ : ભારત સરકાર અને બેંક ઓફ બરોડાના ઉપક્રમે તા. ૮-૫-૨૦૧૮ના રોજ પ્રધાનમંત્રી મુદ્રા યોજના, સ્ટેન્ડ અપ ઈન્ડિયા અને એસ.એચ.જી. ક્રેડીટ લીન્કેજના ભાગરૂપે બેંક ઓફ બરોડા દ્વારા આઈ.એ.એસ. કમિશનર અને સેક્રેટરી ગ્રામ્ય વિકાસ કચેરી શ્રીમતી મોના ખંધારના વરદ હસ્તે ૯૦ લાભાર્થીઓને રૂપિયા ૪.૪૨ કરોડના લોન ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બેંક ઓફ બરોડાના અમદાવાદ ઝોનના વડા અને જનરલ મેનેજરશ્રી જયેશ મહેતા તેમજ ગાંધીનગર રીજીયનના વડા અને ડીજીએમ રાજેશ મોહન સકસેના વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

**જાહેર નિવિદા**

(ગુજરાત સરકારનું સાહસ)

રજીસ્ટર્ડ ઓફિસ : બ્લોક નં.૭, ભોંયતળિયે, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. ૨૩૨૨૧૯૮૨

નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતેની મારૂતિ-૮૦૦ ગાડી નં.જી.જે.૧૮-એ-૧૩૫ વર્ષ ૧૯૯૬નું મોડેલ કે જેની અપસેટ કિંમત રૂ. ૧૮,૦૦૦- રાખવામાં આવેલ છે. જે વાહન કચેરીના ઉપરોક્ત સરનામે ઉપલબ્ધ પાર્કીંગમાં મુકવામાં આળેલ છે, જેની હરાજી તા. ૫/૬/૨૦૧૮ના રોજ સવારે ૧૨.૩૦ કલાકે ઉપર મુજબના સરનામે રાખવામાં આવેલ છે, રસ ધરાવતી પાર્ટીઓએ રૂ.૧૦૦૦/- ડિપોઝીટની રકમ ભરી હરાજીમાં ભાગ લેવાનો રહેશે. હરાજીની શરતો / બોલીઓ હરાજી સમયે વાંચી સંભળાવવામાં આવશે. રજા સિવાયના દિવસોમાં વાહન રૂબરૂમાં જોઈ શકાશે.

મેનેજીંગ ડીરેક્ટર

**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**

બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૪૪૦

**મ્યુનિસપલ પ્રોપર્ટી ટેક્ષ**

સને વર્ષ ૨૦૧૮-૧૯ મિલકતવેરા ભરવા ઉપર

**૧૦% વળતરની યોજના**

(૩૧મી મે-૨૦૧૮ સુધી જ)

**મિલકત વેરો ભરવાની છેલ્લી તા. ૩૧/૫/૨૦૧૮**

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરાની રકમ ઉપર ૧૦% વળતરની પ્રોત્સાહન યોજના લાગુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના હદ - વિસ્તારમાં મિલકત ધરાવનાર મિલકતધારકોએ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ સુધીનો સંપૂર્ણ વેરો ભરપાઈ કરેલ હશે તેજ મિલકતધારકોને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના મિલકતવેરામાં સામાન્ય કરની રકમ ઉપર ૧૦% વળતર મળશે. આ યોજના તા. ૧/૪/૨૦૧૮ થી ૩૧/૫/૨૦૧૮ સુધી લાગુ રહેશે.

**વેરા ભરવાના સ્થળ :**
(૧) ગ્રા. ફ્લોર, બહુમાળી ભવન, સેક્ટર-૧૧,
(૨) વિહીકલપુર, વૉર્ડ ઓફીસ, સેક્ટર-૨૨, (૩) સેક્ટર-૨૭નો બગીચો
(૪) ICICI Bankની બ્રાન્ચ
(i) ઘ-૪-૧/૨, સેક્ટર-૧૬, (ii) ઈન્ફોસીટી, સેક્ટર-૩૭

**ઉપર તમામ ક્રમ નં. ૧ થી ૩ના સેન્ટરોનો સમય સવારે ૯:૩૦ થી સાંજે ૪:૦૦ કલાક સુધીનો રહેશે.**

- દરેક કરદાતાએ મિલકતવેરો ભરવા આવતી વખતે અગાઉના વર્ષનું મિલકતવેરાનું બીલ કે નાણાં ભર્યાની પહોંચ અથવા ઓનલાઈન PDF ફોર્મેટની બીલની નકલ લાવવી ફરજીયાત છે.
- વાર્ષિક મિલકતવેરાની રકમ ફેરફાર થવા પાત્ર હોઈ કરદાતાએ ચેક કોરો લાવવા વિનંતી છે.

**નોંધ : ગાંધીનગર મહાનગરપાલિકા, સેક્ટર-૧૧માં આવેલ જનસેવા કેન્દ્રમાં તા. ૧૨/૫/૨૦૧૮, તા. ૨૬/૫/૨૦૧૮ અને ૨૭/૫/૨૦૧૮ના રજાના દિવસોમાં ૧.૩૦ થી ૪.૦૦ વાગ્યા સુધી રાબેતા મુજબ મિલકતવેરો વસુલવાની કામગીરી ચાલુ રાખવામાં આવેલ છે.**

તારીખ : ૧૦/૫/૨૦૧૮
સ્થળ : ગાંધીનગર
માહિતી/૩૮૦/૧૮-૧૯

મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા